ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૫.૧ ડીગ્રી
લઘુતમ : ૦૮.૧ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૩૪ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં ગણતંત્ર દિનની ધામધૂમથી ઉજવણી

વિવિધ શાળા, કોલેજ, યુનિવર્સિટી અને સામાજિક સંસ્થાઓમાં ધ્વજવંદન સહિત વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી

ગાંધીનગર, તા.૨૭

શહેરમાં ગણતંત્ર દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. વિવિધ શાળા કોલેજોમાં અને સંસ્થાઓમાં ધ્વજવંદન સહિત સ્પર્ધાઓ અને કાર્યક્રમો કરીને ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. દેશના ૭૩માં ગણતંત્ર દિવસની કોવિડ-૧૯ની ગાઈડલાઈનને અનુસરીને ઉલ્લાસભર્યા વાતાવરણમાં શહેરમાં ઉજવણી કરવામાં આવી હતી.

● અંધશાળા, સેકટર-૧૬

અંધશાળા સેકટર-૧૬ના પ્રાંગણમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોએ ધ્વજવંદન બાદ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમની રજુઆત કરી હતી. આ પ્રસંગે પધારેલ મહેમાન રોહિતભાઈ પંચાલ અને તેમની ટીમ દ્વારા બાળકોને યુનિફોર્મ આપવામાં આવ્યા હતા. એન.સી.સી. વાણિજય કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા બાળકોને સેનેટાઈઝરની બોટલ આપવામાં આવી હતી. આ પ્રસંગે ભૂતપૂર્વ આર્મી ઓફિસર ધર્મેન્દ્રભાઈ શર્મા ઉપસ્થિત રહ્યા હતા.

● વેદ ઈન્ટિગ્રેટેડ એ.વી.વી. સ્કૂલ

એ.વી.વી. ઈંગ્લિશ મીડીયમ સ્કૂલના બાળકો રાષ્ટ્રભકિતના રંગે રંગાયા હતા. સ્કૂલમાં દેશની આન-બાન-શાન એવા રાષ્ટ્રધ્વજ બનાવવાની સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં દરેક બાળકોમાં ખરા અર્થમાં રાષ્ટ્રભકિતના દર્શન થયા હતા.

● જે.એમ. ચૌધરી વિદ્યાલય

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. શાળાના તમામ સ્ટાફ તથા ભગિની સંસ્થાઓએ કોરોના ગાઈડલાઈન મુજબ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરી હતી. શાળાના આચાર્યા રમીલાબેને પ્રજાસત્તાક દિન તથા આઝાદીના અમૃત મહોત્સવ વિશે ચર્ચા કરી હતી.

● એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમક પ્રાથમિક શાળામાં ૭૩મા પ્રજાસત્તાક દિન ઉજવણી નિમિત્તે ૧થી ૪ ધોરણમાં ઓનલાઈન દેશભકિત ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

● સ્વામિનારાયણ પોલીટેકનીક

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક દ્વારા વર્ચ્યુઅલ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓ માટે વકૃત્વ સ્પર્ધા, દેશભક્તિ ગીત, દેશભક્તિ ચિત્ર સ્પર્ધા નાટક અને ડાન્સ જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ પોતાના ઘરેથી પોતાની મનપસંદ પ્રવૃત્તિનો વિડીયો બનાવીને સંસ્થાને મોકલ્યો હતો અને આ વિડીયો સંસ્થા દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે યુટ્યુબના માધ્યમથી થકી વિદ્યાર્થીઓને લાઈવ પ્રસારિત કરવામાં આવ્યો હતો. આ ઉજવણીમાં સંસ્થાના સૌથી વધુ વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃતિમાં ભાગ લીધો હતો તેમજ ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઓનલાઇન યુટ્યુબના માધ્યમથી આ પ્રોગ્રામને નિહાળ્યો હતો અને virtual પ્રજાસત્તાક દિનની ઉજવણી આનંદભેર કરી હતી.

● આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ

શાળાના ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ૨૬મી જાન્યુઆરી દિન નિમિત્તે ચિત્ર પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સુંદર મજાના ચિત્રો દોર્યા હતા.

● સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ

સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજમાં ૭૩ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી NCCના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટી મહેન્દ્રભાઈ વાઘેલા અને પ્રિન્સીપાલ ડો. રાજી ડેનીસે હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

● ગુજરાત વિદ્યાપીઠ, સાદરા

ફિઝીકલ એજયુકેશન વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ સાદરામાં પ્રજાસત્તાક દિવસ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે સંસ્થાના સેવક દિનેશભાઈ ઉપદળા હાજર રહ્યા હતા અને મોટી સંખ્યામાં અધ્યાપકોએ ખૂબ જ ઉત્સાહ સાથે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરી હતી.

● મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સે-૧૬

મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સે-૧૬ના પટાંગણમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સે-૭ના સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર સે-૧૨ અને ડૉ. વિક્રમ સારાભાઈ વિદ્યાલય, પાલજ શાળાઓના તમામ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામ ચારેય શાળાઓના કો ઓર્ડીનેટર નટુભાઈ લાડાણીના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું.

● વિદ્યાભારતી, સેકટર-૨૨

વિદ્યાભારતી સેકટર-૨૨ વિદ્યાલય ખાતે ગણતંત્ર દિવસની ઉજવણી રાષ્ટ્રધ્વજ ફરકાવીને કરવામાં આવી હતી.

● આરાધના વિદ્યાવિહાર

આરાધના વિદ્યાવિહાર ખાતે ઉચ્ચ માધ્યમિક વિભાગના શિક્ષક પૃથ્વીસિંહ રાઠોડના વરદહસ્તે ત્રિરંગા રાષ્ટ્રધ્વજને ફરકાવી સલામી આપવામાં આવી હતી. ધ્વજપ્રમુખે પોતાના વકતવ્યમાં દેશના મહાપુરુષો અને શહીદોને યાદ કરી તેમના પ્રત્યે કૃતજ્ઞતા ભાવ વ્યકત કર્યો હતો. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન રમણભાઈ એ. પટેલ તથા આચાર્ય વિષ્ણુભાઈ એસ. પટેલ દ્વારા લોકશાહીના મહાપર્વ સમાન પ્રજાસત્તાક દિનની શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક અરવિંદભાઈ સી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આરાધના વિદ્યાવિહારના પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ તથા બી.એડ. વિભાગના આચાર્ય શિક્ષકગણ, વહીવટી સ્ટાફ તથા વરિષ્ઠ નાગરિકોએ હાજર રહી હર્ષોલ્લાસ સાથે ધ્વજવંદન કરી દેશભકિતની ભાવના વ્યકત કરી હતી.

● કોબા હાઈસ્કૂલ

ગણતંત્ર દિનની ઉજવણી કોબા હાઈસ્કુલ ખાતે તેજલબેન નાયી દંડક મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી હતી. કોરોના મહામારીમાં સાવચેતી રાખવી તેમજ શુભેચ્છા સંદેશ તેમણે પાઠવ્યો હતો. ઈફકોના નવનિયુકત ચેરમેન દિલિપભાઈ સંગાણીની શુભેચ્છા મુલાકાત કરી આશીર્વાદ મેળવ્યા હતા.

● જિલ્લા પંચાયત, ગાંધીનગર

પ્રજાસત્તાક પર્વની ઉજવણી ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે કરવામાં આવી હતી. દિલીપભાઈ શામળભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

● ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના પ્રેસિડેન્ટ રાધેશ્યામભાઈ યાદવ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ઈન્ડિયન લાયન્સના સ્વર્ણિમ કલબના હોદ્દેદારો તથા સભ્યો અને ભાઈઓ-બહેનો સહિત તમામ મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

● સરસ્વતી વિદ્યાલય

સેકટર-૬માં સરસ્વતી વિદ્યાલયના પટાંગણમાં પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદનનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા ઉપસ્થિત રહ્યા હતા. શાળાની વિદ્યાર્થીની તનિષા પરમારના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલાએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારે પ્રજાસત્તાક દિવસની શુભેચ્છા પાઠવી હતી.

● રેડીયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ

સરગાસણ સ્થિત રેડીયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ટીપી નં.૯ સ્થિત પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ જગદીશભાઈ નમેરાના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. કોરોનાના કારણે સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરી શાળા, મેનેજમેન્ટ અને કર્મચારીઓ દ્વારા સદર રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ પી.એમ. વામજા તથા આચાર્ય જે.બી. વામજાએ દરેકને પ્રજાસત્તાક દિનની શુભકામના પાઠવી હતી.

● ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલમાં ૭૩ મા પ્રજાસત્તાક દિનની ઉજવણી ખૂબ ધામધૂમથી મનાવવામાં આવી હતી. શાળાના ટ્રસ્ટ્રી શ્રી, પ્રિન્સિપલ, શિક્ષકગણ અને કોર્ડીનેટર તમામની ઉપસ્થિતિ તથા ધોરણ-૧૦ થી ૧૨ ના વહાલા વિદ્યાર્થીઓની હાજરીમાં વિદ્યાર્થીઓ દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. શિક્ષક ગણ દ્વારા દેશભક્તિ ગીતોની પ્રસ્તુતી કરવામાં આવી હતી. ટ્રસ્ટી શ્રી તથા પ્રિન્સિપલ મેમ દ્વારા પ્રસંગોચિત શાબ્દિક ઉદ્બોધન કરવામાં આવ્યું હતું.

● રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ

રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલના પટાંગણમાં આ પર્વની ભવ્ય ઉજવણી થઈ હતી. જેમાં શાળાના ચેરમેન પ્રહર અંજારીયા, ટ્રસ્ટી પ્રવણ સોની, વાઈસ પ્રિન્સિપાલ દીપા નિષાદ, ગાંધીનગર લાયન્સ કલબ ફેમીનાના પ્રમુખ વૈશાલી જોશની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. શાળાના વિદ્યાર્થીઓ કાર્યક્રમમાં ઈ પ્લેટફોર્મ મારફતે જોડાયા હતાં.

● પેથાપુર સેવા સમિતિ

પેથાપુર સેવા સમિતિ દ્વારા મહારાણા પ્રતાપ ચોક ખાતે ધ્વજવંદન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. સ્વામી ભાસ્કરાનંદ મહારાજના હસ્તે ધ્વજવંદન કર્યું હતું. પેથાપુર સેવા સમિતિ દ્વારા સેવા આપનાર વ્યકિતઓનું પુરસ્કાર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

● વ્રજ ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટર

વ્રજ ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ સેન્ટર મોટા ચિલોડા, ગાંધીનગર ખાતે ૭૩ માં પ્રજાસત્તાક દિનની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. વંદન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં અને તેમના દ્વારા ધ્વજ વંદન કરવામાં આવેલ હતું. તેઓએ આજના દિવસે વિદ્યાર્થીઓને પોતાની ફરજોનું નિયમિત પાલન થાય તો દરેક દિવસ ગણતંત્ર દિવસ બની રહેશે તે જણાવ્યું હતું. કોલેજના પ્રિન્સિપાલ રિતેશ જેઠી એ પોતાના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતુ કે કોરોના ની આ મહામારામાં આપણે સાથે મળીને લડવાનું અને લોકોને તે માટે તૈયાર કરવાનું છે તે જણાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના પ્રિન્સિપાલ રિતેશ જેઠી તથા કોલેજના અધ્યાપકો દ્વારા કરવામાં આવેલ હતું. આ સમગ્ર કાર્યક્રમ નું સંચાલન એ. એન.એમ. અને જી.એન.એમ. ના સોલંકી ખુશ્બુ અને સોલંકી જીનલ તથા અન્ય વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા દેશ ભક્તિના ગીત અને સંકૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

● જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ મધુર ડેરી

મધુર ડેરી ખાતે ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાએ તિરંગો ફરકાવી રાષ્ટ્રધ્વજને સલામી આપી રાષ્ટ્રગાનમાં જોડાઈ આ પર્વમાં સહભાગી બન્યા હતા. આ પર્વની ઉજવણીમાં ગાંધીનગર દૂધ સંઘના નિયામકો, સંસ્થાના મેનેજિંગ ડિરેકટર,વિભાગીય વડાઓ તથા કર્મચારીઓ હાજર રહ્યા હતા.

● એબીવીપી અને રાધે રાધે પરિવારની તિરંગા યાત્રા

આઝાદીના અમૃત પર્વ નિમિત્તે ગાંધીનગરના અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ અને રાધે રાધે પરિવારના સંયુક્ત ઉપક્રમે યુવાનોમાં દેશદાઝ જગાવવાના હેતુથી તા.૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વના દિવસે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘ-પથી શરૂ થયેલી આ પદયાત્રા સાડા ત્રણ કિલોમીટરનું અંતર કાપીને સે.૭માં ભારત માતાના મંદિર સુધી પહોંચી હતી. યાત્રામાં રાધે રાધે પરિવારના કાર્યકર્તાઓ, એબીવીપીના પ્રાંત અધ્યક્ષ સંજય ચૌહાણ ઉપરાંત ગાંધીનગરના કાર્યકર્તાઓ સક્રિયપણે જોડાયા હતા. કાર્યક્રમના સંયોજક જીમ્મી ચૌધરી અને સહ સંયોજક વિરલ રબારી અને ભરતસિંહ ઝાલા તેમજ એબીવીપીના નગર અધ્યક્ષ સંદીપ ધોળકિયા તેમજ નગરમંત્રી ખેવના જોષી અને જિલ્લા સંયોજક વિવેક પટેલ અને સહ સંયોજક ચંદ્રદીપસિંહ ચુડાસમાએ માર્ગદર્શન આપ્યું હતું.

● ગુમા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણી

ગુમા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ, જાગૃત વસાહત ખેલજગત અને ક્રીડા ભારતીના સંયુક્ત ઉપક્રમે ધ્વજવંદન, સૂર્યનમસ્કાર અને રમતગમત સ્પર્ધા, શૌર્યગીત સ્પર્ધા અને ક્વીઝના સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શૌર્યગીતોની રમઝટ બાદ ગુમા પરિવારના ઉમેશચંદ્ર ગુમાજી, નિવૃત્ત એરફોર્સના ફ્લાઈંગ ઓફીસર દ્વારા ધ્વજવંદન કરી સલામી આપવામાં આવી હતી. ઉમેશ ગુમાજી, ક્રીડાભારતીના ડો. મુકેશ પટેલ, જાગૃત વસાહત ખેલજગતના મહેન્દ્ર ચૌહાણ, ઈન્ડિયન સ્વર્ણિમ લાયન્સના પ્રેસિડેન્ટ રાધેશ્યામભાઈ યાદવ તથા ગુમા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ રાજીવ ગુમા જેઓ આંતરરાષ્ટ્રીય ગોલ્ડમેડાલિસ્ટ છે તેમના દ્વારા પ્રસંગોત્સવ વકતવ્ય આપવામાં આવ્યું હતું. તેમજ, ચંદ્ર ફોટો સ્ટુડિયો સેકટર-૨૪ના સત્યનારાયણ શર્માજી ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને ૫૦% ડિસ્કાઉન્ટ સાથે ફોટા આપવાની જાહેરાત કરી હતી તેમજ સોશ્યલ મિડીયાના પાર્થભાઈ ઠક્કર પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંદિપ અને શેખાએ દેશભક્તિનો રંગારંગ કાર્યક્રમ રજૂ કર્યો હતો અને તુષારભાઈ દ્વારા માસ્કનું વિતરણ કરવામાં આવેલ તેમજ પ્રવિણભાઈ રામી દ્વારા સૂર્ય નમસ્કાર કરાવવામાં આવ્યા હતાં. શિવમ ચેરીટેબલ ટ્રસ્ટના રેખાબેન અને રીયાબેન બાળકોને લઈને આ કાર્યક્રમમાં પધાર્યા હતા અને દેશભક્તિને વરેલ ગુમા પરીવાર વર્ષોથી કાર્યક્રમોનું સ્વખર્ચે આયોજન કરે છે તે બદલ તેઓનો તેમજ ઉપસ્થિત સર્વે મહાનુભાવો, વસાહતીઓનો આભાર માની રાષ્ટ્રગાન બાદ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું તેમ કન્વીનર મહેન્દ્ર કે. ચૌહાણે જણાવ્યું હતું.

●●●

આરએસએસની બહેનો તથા વોર્ડ નં.૫ના ભાજપના કાર્યકર્તા લીલાબેન ચૌધરી દ્વારા ગણતંત્ર દિવસની ભારતમાતાની પૂજા અને આરતી કરીને શ્રેયસ સોસાયટીના ગાર્ડનમાં ઉજવણી કરવામાં આવી હતી.

●●●

ઓરબિટ મોલની સાઈટ પર દર વર્ષની જેમ આ વર્ષે પણ ૭૩માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બધા સ્ટાફ અને શ્રમિકોના પરિવાર સાથે ૫૦ સે.મી. ની ઉંચાઈથી ક્રેનમાં રાષ્ટ્રધ્વજ સાથે ધ્વજવંદન કર્યું હતું.